બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨)

**નોંધ :-(૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**

**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

## (વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, સત્તરમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''પ્રગટ પ્રભુ ક્યાં મળશે ? ક્યારે મળશે ? મોક્ષ કેવી રીતે થશે ?'' (૪/૮)

➪ તપસ્વીઓ - નીલકંઠવર્ણીને

➪ નીલકંઠે તપસ્વીઓને કહ્યું 'તપ કરીને ગળાઈ જશો તો પણ પ્રગટ પ્રભુને ઓળખ્યા વગર તમારો મોક્ષ કેવી રીતે થશે ?

૨. ''મારી પાસે દોરડું નથી, નહીંતર તમને પાણી સીંચી દેત.'' (૩૭/૭૧)

➪ બીજલ - નીલકંઠવર્ણીને

➪ કોસનું પાણી ચર્મવારી કહેવાય માટે નીલકંઠવર્ણીએ એ પાણી પીવાની ના પાડી ત્યારે.

૩. ''હું તો બ્રહ્મપથનો ભોમિયો છું.'' (૪૮/૯૫)

➪ નીલકંઠ વર્ણી - મુક્તાનંદ સ્વામીને

➪ નીલકંઠવર્ણીને બે ઉપવસ્ત્રો અને એક અલફી આપી તેમને તે પહેરવા વિનંતી કરતાં મુક્તાનંદ સ્વામી કહે છે કે તમે સરજૂ નદીના પ્રદેશમાંથી આવો છો. તેથી સૌ તમને સરજૂદાસ કહેશે. ત્યારે

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. તેલંગી બ્રાહ્મણનું શરીર કાળું અને કદરૂપું થઈ ગયું. (૧૯/૩૪)

જ. તેલંગી બ્રાહ્મણે લોભમાં ને લોભમાં રાજા પાસેથી હાથી અને કાળપુરુષનું દાન લીધું. યોગ્યતા વિના અને લોભથી લીધેલા દાનને લીધે તેનું શરીર કાળું અને કદરૂપું થઈ ગયું.

૨. જિઅર સ્વામી નીલકંઠવર્ણી ઉપર છંછેડાઈ ગયા. (૩૩/૬૪)

જ. નીલકંઠવર્ણીએ જિઅર સ્વામીને પ્રશ્ન કર્યો કે શાસ્ત્રોમાં સ્ત્રી, દ્રવ્ય અને રસ એ ત્રણ ત્યાગીને મોટાં બંધન કહ્યાં છે. તેનાથી બ્રહ્માદિકને પણ બંધન થાય છે. માટે ત્યાગીએ કેવો માર્ગ ગ્રહણ કરવો જોઈએ, તે સમજાવો. નીલકંઠવર્ણીના આ પ્રશ્નથી જિઅર સ્વામી નીલકંઠ વર્ણી ઉપર છંછેડાઈ ગયા

૩. શ્રીપુર મઠના મહંતે નીલકંઠવર્ણીને મઠમાં આવવા કહ્યું. (૬/૧૧)

જ. મઠની બહાર જંગલી જાનવરના કારણે મૃત્યુનો ભય હોવાથી શ્રીપુર મઠના મહંતે નીલકંઠવર્ણીને મઠમાં આવવા કહ્યું.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

૧. **પુલહાશ્રમમાં આકરું તપ (૧૪/૨૪)** માત્ર બાર વર્ષની ઉંમરે પોતાનું બીજું લક્ષ્ય પાર પાડવા યુગો પહેલાં ભરતજી અને બ્રહ્માના પુત્ર પુલહે તપશ્ચર્યા કરેલી ભૂમિ પુલહાશ્રમની જગ્યાએ નીલકંઠે તપ કરવાનો સંકલ્પ કર્યો. બે હાથ ઉંચા કરીને એક પગે તપશ્ચર્યા શરૂ કરી. ભૂખ તરસની પરવા કર્યા વગર ઉઘાડે શરીરે ટાઢ, તડકો, વરસાદની જડીઓ ઝીલતા તેમણે તપ કર્યું. તેમના શરીરનું એક એક હાડકું દેખાતું, નાડીઓ ઉપસી આવી હતી અને કોમળ શરીર કૃશ થઈ ગયું હતું. ત્યાં રહેતાં યોગીઓ પણ આવું આકરું તપ જોઈ એમના જેવા ગુણો આવે તેવી પ્રાર્થના કરતાં. ધર્મદેવ, ભક્તિમાતા, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અંતરિક્ષમાંથી તેમની રક્ષા કરતાં. કાર્તિક સુદી એકાદશીની વહેલી સવારે સૂર્યનારાયણ સાક્ષાત્ મનુષ્ય રૂપ ધરીને દર્શન દેવા પધાર્યા. નીલકંઠે વરદાન માગ્યું કે, 'મારું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત અખંડ રહે અને હું જ્યારે તમારું સ્મરણ કરું ત્યારે તમારા સાક્ષાત્ દર્શન થાય.' ત્યારે સૂર્યનારાયણે કહ્યું, ''હે પ્રભુ આપ તો નિર્દોષ જ છો. આપની કૃપાથી અને આપની ઉપાસનાથી મને પ્રકાશ પ્રાપ્ત થયો છે. આપને વરદાન આપવાવાળો હું કોણ? પરંતુ બ્રહ્મચર્યથી જ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થાય છે એ સિધ્ધ કરવા આપે આ તપશ્ચર્યા કરી છે. આપનામાં તમામ ગુણો છે છતાં આપે માગ્યું છે તે યથાર્થ થશે. પૃથ્વી ઉપરના લોકો

ત્યાગ, વૈરાગ્ય અને આપના જેવું તપ શીખે તે માટે આપે આટલું આકરું તપ કર્યું. વળી સૂર્યનારાયણે પ્રાર્થના કરતાં કહ્યું: 'હે સ્વામી ! મને કૃપા કરીને તમે સંભાર્યો તેથી હું ધન્ય થયો છું. જ્યારે મારી સેવાની જરૂર હોય, ત્યારે આપ મને અવશ્ય સંભારશો. હું જરૂર આપની સેવામાં હાજર થઈશ.' વિવિધ ભોગમાંથી સંકોચ રાખીને કલ્યાણના પથ પર ચાલવાની મુમુક્ષુઓને પ્રેરણા મળે માટે જ નીલકંઠવર્ણીએ આ ઊગ્ર તપશ્ચર્યા કરી હતી.

૨. **જમાદારને સમાધિ (૫૩/૧૦૫-૧૦૬)** એક વખત રામાનંદ સ્વામી ગાદી ઉપર તકિયે અઢેલીને બેઠા બેઠા નીલકંઠવર્ણીનો મહિમા સમજાવતા હતા. બાજુમાં નીચે આસન ઉપર નીલકંઠવર્ણી બેઠા હતા. એવામાં એક જમાદાર આવ્યો તે મુસલમાન હતો પરંતુ ભાવિક હતો. તેથી રામાનંદ સ્વામીને પગે લાગીને કથા સાંભળવા બેઠો. નીલકંઠની કૃપાદૃષ્ટિથી તેને સમાધિ થઈ. સમાધિમાં તેને અક્ષરધામનાં દર્શન થયાં તેમાં દિવ્ય સિંહાસન ઉપર નીલકંઠવર્ણી બિરાજેલા હતા અને ચારે બાજુ અનંત મુક્તો ઊભા ઊભા નીલકંઠવર્ણીની સ્તુતિ કરતાં હતા. એ મુક્તોની સાથે રામાનંદ સ્વામીને પણ નીલકંઠવર્ણીની સ્તુતિ કરતાં તેણે જોયા. થોડી વારે સમાધિમાંથી જાગ્યો અને તેણે કહ્યું, 'આ શું ? આ શી હિંદુની ઊલટી રીત ! મને તો સાવ અઘટિત લાગે છે. તમારા હિંદુમાં એવું કેવું કે મુરસિદ ઊંચે આસને બેસે અને અલ્લા નીચે આસને બેસે !' રામાનંદ સ્વામીએ તેને કહ્યું 'આ તો અમારા હિન્દુની અસલની રીત છે. વશિષ્ઠ ઋષિ ઊંચે આસને બેસતા અને રામચંદ્ર ભગવાન નીચે બેસતા!' નીલકંઠવર્ણી મંદ મંદ હસતા આ વાર્તાલાપ સાંભળતા હતા. જમાદારને બહુ ખબર પડી નહીં તેથી નીલકંઠવર્ણીને તે મોટા જાણી પગે લાગી આશ્ચર્ય પામતો ચાલ્યો ગયો.

૩. **નવ લાખ યોગીઓનો ઉદ્ધાર (૨૧/૩૭)** કામાક્ષીથી ચાલતાં નીલકંઠવર્ણી નવલખા પર્વત તરફ પહોંચ્યા. અહીં નવલાખ યોગીઓ રહે. આ બધા સિદ્ધો હજારો વર્ષથી ત્યાં તપ કરતા હતા. સામાન્ય મનુષ્યને આંખે ન દેખાય એવા દિવ્ય સ્વરૂપે તેઓ પ્રભુ-આરાધનામાં મગ્ન રહેતા. રોજ સવારે યજ્ઞો, સ્નાનસંધ્યા કરતા. દરેક માટે અલગ યજ્ઞ કુંડો, દરેકને નહાવા માટે અલગ કુંડ નવ લાખ જળાશયો. એક દિવસ ધ્યાનમાં બેઠેલા યોગીઓને આકાશવાણી સંભળાઈ. 'તમે જે પુરુષોત્તમ નારાયણ માટે વર્ષોથી તપ કરો છો, તેમનાં સાક્ષાત્ દર્શન થશે. પુરુષોત્તમ નારાયણે આ પૃથ્વી પર અવતાર લીધો છે. તમારું સૌનું કલ્યાણ કરવા પોતે આવીને તમને દર્શન દેશે. આનંદમાં આવેલા યોગીઓ નીલકંઠવર્ણીના સ્વાગતની તૈયારીઓ કરવા લાગ્યા. નીલકંઠવર્ણીએ પર્વત પર ચઢવાનું શરૂ કરતાં ફરી આકાશવાણી થઈ 'કાલે પ્રાતઃકાળે તમને સૌને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનાં નીલકંઠવર્ણી રૂપે દર્શન થશે. તેમનાં દર્શનમાત્રથી તમારો મોક્ષ થશે. અક્ષરધામની પ્રાપ્તિ થશે.' નીલકંઠવર્ણી નવલખા પર્વત પર પહોંચતાં જ યોગીઓએ સન્માન કર્યું. નીલકંઠેવર્ણીએ પણ નવલાખ સ્વરૂપો ધારણ કરી દરેકને નીલકંઠવર્ણી એક સાથે ભેટ્યા દરેકનાં જળાશય પ્રસાદીનાં કર્યા. દરેકનાં યજ્ઞકુંડમાં આહુતિ આપી. નીલકંઠવર્ણી ત્રણ દિવસ યોગીઓની સાથે રહ્યા. યોગીઓએ પ્રાર્થના કરતાં કહ્યું : 'હે નીલકંઠ પ્રભુ ! આપે દર્શન આપ્યાં છે. માટે દયા કરીને અમારા અંતરમાં સદાય નિવાસ કરીને રહો. આપની મૂર્તિ અંતરમાંથી જાય નહિ, એવી હે અક્ષરાધિપતિ, તમને વિનંતી કરીએ છીએ.' તેમની પ્રાર્થના સાંભળી નીલકંઠવર્ણીએ તથાસ્તુ કહ્યું. ત્યાંથી બાલવાકુંડ ગયા. કુંડનાં પાણી અને આજુબાજુના પથ્થરોમાંથી હંમેશા અગ્નિની જ્વાળા નીકળ્યા કરે છે. તેનું દર્શન કરી નવદ્વીપમાં ચૈતન્ય મહાપ્રભુની જન્મભૂમિ પવિત્ર કરી. ગૌડીય સંપ્રદાયની ગાદી શાંતિપુરની મુલાકાત લઈ, ગંગા-સિંધુના સંગમે ગંગાસાગરના સંગમમાં નાહ્યા. અહીં મકરસંક્રાંતિના મેળામાં ત્રણ દિવસ રહી, વહાણમાં બેસી સમુદ્રની ખાડી ઊતરી કપિલાશ્રમ આવ્યા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. શિયાળાના ચાર મહિના બદરીનાથજીની ચલમૂર્તિ ક્યાં લાવવામાં આવે છે ? (૭/૧૩)
જ. શિયાળાના ચાર મહિના બદરીનાથજીની ચલમૂર્તિ જોષીમઠના જ્યોતીશ્વર મંદિરમાં લાવવામાં આવે છે.
૨. લોજમાં નીલકંઠવર્ણીના સૌ પ્રથમ દર્શન કયા સાધુને થયા ? (૪૩/૮૬)
જ. લોજમાં નીલકંઠવર્ણીના સૌ પ્રથમ દર્શન સુખાનંદ સાધુને થયા.
૩. બોચાસણના મુખીના પુત્રનું નામ શું હતું ? (૩૬/૬૯)
જ. બોચાસણના મુખીના પુત્રનું નામ કાશીદાસ હતું.
૪. શિવ-પાર્વતીએ નીલકંઠવર્ણીને શું જમાડ્યું ? (૩૨/૬૨-૬૩)
જ. શિવ-પાર્વતીએ નીલકંઠવર્ણીને 'સાથવો' જમાડ્યો.
૫. લાખાનું અંતર શાથી હળવું થયું ? (૩૮/૭૩)
જ. લાખાએ મારેલા માછલાંને નીલકંઠવર્ણીએ સજીવન કરતાં લાખાનું અંતર હળવું થયું.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૩, ૪ (૩૫/૬૬) **૨.** ૧, ૩, ૪ (૨૦/૩૫)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. કુરજી દવે (૫૨/૧૦૩) ૨. વામનજી અથવા વામનજી ભગવાનરૂપે (૪૨/૮૨)

૩. હરકી પેડી (હરિદ્વાર) (૮/૧૫) ૪. કૌશિક (૧/૧)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, બારમી આવૃત્તિ - એપ્રિલ , ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''અહીં રહ્યા વગર છૂટકો નથી.'' (૧/૭)

➪ બ્રહ્માનંદ સ્વામી - મહારાજને

➪ મહારાજે દરેક સંતને ત્રણ હાથનું જ ટાટ પહેરવા આપવાનો નિયમ કર્યો ત્યારે બ્રહ્માનંદ સ્વામીને તેમનું સ્થળૂ શરીર ઘટાડવા માટે કહે છે ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે છે એકદમ શરીર કેમ ઘટે ? ત્યારે કહે છે.

૨. ''આ ઝીણાને અમે જૂનાગઢનું રાજ્ય આપીએ તો કેવું ?'' (૪/૨૯) ➪ મહારાજ - ગંગાબાને (ઝીણાભાઈની માને)

➪ ઝીણાભાઈના અંતસમયે મહારાજે તેમને પૂછ્યું ક્યા ધામમાં જવું છે ? ત્યારે તેમણે કહ્યું 'અક્ષરધામમાં ભગુજી, મિયાંજી ને મૂળજી બ્રહ્મચારીની જેમ આપની સેવામાં રાખો. આ સાંભળી ગંગાબા બહુ દિલગીર થયાં. ત્યારે મહારાજ કહે છે.

૩. ''અક્ષરપુરુષોત્તમનાં મંદિરો કરવાં એમાં જ રાજીપો છે.'' (૭/૪૯-૫૦)

➪ સ્વામીશ્રી (શાસ્ત્રીજી મહારાજ) - સૌ હરિભક્તોને

➪ એક વાર સૌ હરિભક્તોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'વર્તમાનકાળે મહારાજનો અને સ્વામીનો શેમાં રાજીપો છે ?

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. જોબનપગીનું પ્રાણપંખેરું ઊડી ગયું. (૫/૩૭)

જ. શ્રીજીમહારાજ ધામમાં પધાર્યા પછી જોબનપગીને ક્યાંય ચેન પડે નહી. તેથી સંતોએ તેમને મહારાજની પ્રસાદીની ભસ્મ જમતી વખતે લેવાનું કહ્યું એક દિવસ જમતી વખતે તેમના ધર્મ પત્નીએ ભસ્મ ખલાસ થઈ ગઈ એમ કહ્યું ત્યાં તો મહારાજના વિરહમાં જોબનપગીનું પ્રાણ પંખેરું ઊંડી ગયું.

૨. એભલ ખાચરની ભ્રાંતિ દૂર થઈ. (૬/૪૧)

જ. મહિયારીના વેશમાં દરબારમાં દાખલ થઈ એભલખાચરથી છાના મહારાજ જીવુબાના ઓરડામાં રહેતા હતા. એક મહિના પછી એભલ ખાચરને ખબર પડી કોઈ બાવો ગુપ્ત રીતે દરબારમાં રહે છે અને જીવુબા તેની સેવા કરે છે. ત્યારે જીવુબાને મારવા ગયેલા એભલખાચરને ભગવાનના દિવ્ય દર્શન થતાં એમની ભ્રાંતિ દૂર થઈ.

**પ્ર.૯** 'શુકમુનિને ગુણાતીતાનંદ સ્વામીનો સમજાયેલો અલૌકિક મહિમા' (૩/૨૧) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ માંદા પડ્યા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદ પધાર્યા. સાથે શુકમુનિ પણ હતા. તે વખતે મહારાજના પુરુષોત્તમપણાની સ્વામી ઘણી વાતો કરતા. શુકમુનિને કહ્યું : 'એક સમયે અક્ષર ઓરડીમાં હરિભક્તો પર પત્ર લખવા મહારાજે તમને કહ્યું, તે પત્રમાં તમે મહારાજને પ્રહ્લાદ તથા જનકની ઉપમા આપી. તે પત્ર મહારાજે ફાડી નાખ્યો. ફરી પત્ર લખ્યો તેમાં તમે મહારાજને દત્તાત્રેય ને કપિલની ઉપમા આપી. તે પત્ર પણ મહારાજે ફાડી નાખ્યો. એટલામાં દીવો ઓલવાઈ ગયો ને મહારાજના અંગૂઠામાંથી તેજ નીકળ્યું. તેજમાં મહારાજની દિવ્ય કિશોરમૂર્તિ આગળ રામકૃષ્ણાદિક અવતારો હાથ જોડીને મહારાજની સ્તુતિ કરે છે, તેવાં દર્શન તમને થયાં. શુકમુનિને આ બધી વાતો યાદ આવી. સ્વામીના વચને મહારાજની સર્વોપરી નિષ્ઠા દૃઢ થઈ અને ગુણાતીતાનંદ સ્વામીનો પણ અલૌકિક મહિમા સમજાયો. તેથી જ શુકમુનિ કહેતા, વચનામૃત લખ્યાં મેં, શોધ્યા મેં પણ આજે સમજણાં. ગુણાતીતાનંદ સ્વામી વાતું કરે છે તે મહારાજની વાતુ જેવો સમાસ થાય છે.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કયા ગામમાં પોતાની ગાદી પર બેસાડયા ? (૧/૫)

જ. શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને માંડવી ગામમાં પોતાની ગાદી પર બેસાડયા.

૨. જેઠાભાઈએ ભગતજીને સંભારીને શા માટે મહુવાની ભાગોળમાં દંડવત્ કર્યા ? (૭/૪૫)

જ. મંદિરમાં સાધુ, બ્રહ્મચારી હોય ત્યાં ભગતજીને કોઈ દંડવત્ કરે તે કોઈને ગમે નહિ માટે જેઠાભાઈએ ભગતજીને સંભારીને મહુવાની ભાગોળમાં દંડવત્ કર્યા.

૩. જોબનપગી કયા શહેર સુધી ચોરી કરવા જતા ? (૫/૩૫)

જ. જોબનપગી પૂના શહેર સુધી ચોરી કરવા જતા.

૪. દેવાનંદ સ્વામી કયા પ્રસિદ્ધ કવિના કાવ્યગુરુ હતા ? (૨/૧૪)

જ. દેવાનંદ સ્વામી પ્રસિદ્ધ કવિ દલપતરામના કાવ્યગુરુ હતા.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : જીવુબાની સંતસેવા (૬/૪૧)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) ફક્ત સાચા નંબરો | ૧ | ૩ | ૬ | ૮ | ૧૦ | ૧૨ |
| (૨) યથાર્થ ઘટનાક્રમ | ૧ | ૩ | ૧૨ | ૬ | ૮ | ૧૦ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સ્વામી નિર્ગુણદાસજી :** સવારથી કામ શરૂ કર્યું. સાંજ સુધીમાં તો કેટલાંય ગાડાંનો આખો ઉકરડો એકલા હાથે ફેરવી નાખ્યો. આવી નીચી ટેલ તો પોતે ગમે ત્યારે શોધી લેતા. (૭/૫૧)

૨. **સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી :** તે વખતે મહારાજ ઓસરીમાં બે થાંભલા વચ્ચે પહોળા હાથ રાખી ઊભા હતા. પાછળ ભગુજી, મહારાજનું આસન ગોઠવવા મણ એકનો તકિયો લઈ, મહારાજ માર્ગ આપે એની રાહ જોઈને ઊભા હતા. (૧/૪-૫)

૩. **ભક્તરાજ દરબારશ્રી ઝીણાભાઈ :** પોતાની આવકનો ઘણોખરો હિસ્સો ઝીણાભાઈ સત્સંગસેવામાં વાપરતા. હરિભક્તોને મદદ કરતા, પક્ષ શિર સાટે રાખતા અને ખૂબ મહિમા સમજતા. (૪/૨૩,૨૫)

૪. **સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી :** તેથી તેમણે સોમલાખાચરને વાત કરી જે મહારાજને ભલામણ કરો તો મને સાધુ કરે. સોમલાખાચરે મહારાજને વિનંતી કરી કે, ''મહારાજ ડભાણના બ્રાહ્મણને સાધુ થવું છે.'' (૩/૧૭)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **બી.એ.પી.એસ. દ્વારા આદિવાસી વિસ્તારોમાં પરિવર્તન : (૧)** શ્રીજીમહારાજનો સંકલ્પ સૌનું કલ્યાણ કરવું - સહજાનંદરૂપી સૂર્ય (સૌનું કલ્યાણ કરવું છે) વગડાના વાઘરી - શ્રીજીમહારાજની સનાતન રીત પ્રમુખસ્વામીએ ચાલુ રાખી. **(૨)** જેમ શિલ્પકાર ટાંકણું લઈને પથ્થરને નાજુક ટચકા મારીને મૂર્તિ બનાવે તેમ પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આદિવાસી પ્રજાનું ઘડતર કર્યું છે. **(૩)** આદિવાસી વિસ્તારોમાં દરેક ઝૂંપડામાં, કૂબામાં અરે, દરેક વ્યક્તિએ વ્યક્તિએ સંતોના સહકારથી ટાંકણા વડે ચૈતન્ય મંદિરો ઘડ્યાં છે. **(૪)** દારૂ, જુગાર, તાડી, માંસાહાર અને વહેમ, અંધશ્રધ્ધાથી ખદબદતું દુર્ગંધ મારતું આદિવાસી પ્રજાનું જીવન - ખર્ચાળ વ્યસનોના કારણે ગરીબી - પશુથી બદતર જીવન, પશુઓના ટૂકડા કરી દેવદેવીઓને ભોગ ચઢાવવો એવું પાપયુક્ત જીવન - આવું નિહાળી સ્વામીશ્રીની અનુકંપા - આ પ્રજાનું ઘડતર કરવા સ્વામીશ્રીની કાર્યશક્તિ, કર્મઠતાએ જોર પકડ્યું - સંતોને સાથે લઈ વિચરણ - અનેક વિસ્તારોમાં ઘૂમીને પુષ્કળ અગવડો વેઠીને આ પ્રજાને સંસ્કારયુક્ત કરવા સંકલ્પ કર્યાં. આજ્ઞાપાલક અને સત્યનિષ્ઠ સંતોએ સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કરવા માટે થાક અને અગવડોને ન ગણકારી ખૂબ દાખડો કર્યો. (દારૂ, માંસ ખાતા હોય તે પ્રસંગો) **(૫)** સંતોની સાથે સંનિષ્ઠ કાર્યકરો પણ સ્વામીશ્રીના આ યજ્ઞમાં જોડાયા - કોઈને સ્વામીશ્રીના દર્શન સમૈયા પર ગયા હોય અને થયાં હોય - કોઈને રવિસભામાંથી પ્રેરણા મળી - સંનિષ્ઠ કાર્યકરો, સંતો અને સ્વામીશ્રીના સ્નેહ સામે આ પ્રજા ઝૂકી ગઈ. - વ્યસનો મૂક્યા - માંસાહાર મૂક્યો. **(૬)** ભૂવા-જાગરિયાની મેલી વિદ્યાની નાગચૂડમાંથી આ પ્રજા બહાર આવી - મેલી વિદ્યાના અગ્રેસરો જ પૈસા કમાવવા માટે આ પ્રજાને વહેમમાં ધકેલી પૈસા કમાઈ લેતા (પ્રસંગો) ચાણસદ મંદિર મૂર્તિપ્રતિષ્ઠાનાં આ અગ્રેસર ભૂવાનું જીવન પરિવર્તન - સત્સંગી થયા. આ સિવાય અનેક લોકોને વહેમમાંથી બહાર લાવ્યા. (પ્રસંગો) **(૭)** જડ અને જંગાલિયત ભરેલ ટોળાની વચ્ચેથી સંનિષ્ઠ કાર્યકરોને બચવું મુશ્કેલ પડતું તેવા પ્રસંગે પણ સ્વામીશ્રીએ તેઓની રક્ષા કરી. (પ્રસંગો) **(૮)** સંતો અને કાર્યકરોના સતત પુરુષાર્થથી આખા આદિવાસી પરિવારો જ નહિ ક્યાંક આખા ગામોનું આમૂલ પરિવર્તન થયું - આખા ગામને એક પવિત્ર ચેતના મળી - ગામોમાં બાળમંડળ, મહિલા મંડળ, સત્સંગ પ્રવૃત્તિ, સત્સંગ મંડળો સ્થાપ્યા. - ગામોમાં દરેક ઘરોમાં આરતીના ઘંટારવ ગુંજવા લાગ્યા - પૂજા, ઘરસભા - સંસ્કારધામો, કુટિર મંદિરોનું નિર્માણ - વ્યસન અને વહેમ રહિત પ્રજા પ્રામાણિક, નીતિયુક્ત પવિત્ર શુદ્ધ જીવન જીવવા લાગી - હિંસાનો વિચાર જ નેસ્તનાબૂદ થઈ ગયો. બેંકમાંથી ૧૦,૦૦૦ રૂા. વધારે મળ્યા તો તે ભાઈએ પરત કર્યાં. - આદિવાસીઓમાં આવાં

વિશુદ્ધ જીવન અને તેમનું ઘડતર - તેમનો ભૂતકાળ અને વર્તમાન કાળ અને તેમનું ઘડતર કેવું થયું છે તે કહી જાય છે અને ભવિષ્યમાં આ જીવન ઘડતર કેટલું આગળ પહોંચશે તે તો ભવિષ્ય જ કહેશે. આમ, સ્વામીશ્રી દ્વારા આદિવાસી પ્રજાનું જીવન ઘડતર થયું છે અને અનેક ચૈતન્ય મંદિરો તૈયાર થયાં છે તે બધો યશ સ્વામીશ્રી અને સંસ્થાને જાય છે. - ઉપસંહાર.

**૨. દિલ્હી અક્ષરધામની વિશેષતાઓ :** (૧) સર્વ ધામો કરતાં શ્રીજીમહારાજને રહેવાનું અક્ષરધામ શ્રેષ્ઠ - સર્વ ધામોથી પર અને સર્વોપરી. (૨) પ્રમુખસ્વામી મહારાજ દ્વારા દિલ્હીમાં નૂતન અક્ષરધામની રચના - પૃથ્વી પરનું આ અક્ષરધામ ફક્ત પાંચ જ વર્ષમાં આટલા મોટા સંકુલની બેનમૂન રચના કરવી તે પણ વિશેષતા - ઉપરાંત ગુરુભક્તિનો આદર્શ એટલે દિલ્હી અક્ષરધામ - ગુરુને (યોગીજી મહારાજ) રાજી કરવા માટે, તેમના સંકલ્પને સિદ્ધ કરવા માટે દાયકાઓ સુધી જમીન મળે તે માટે રાહ જોવી તે પણ તેની વિશેષતા. (૩) અક્ષરધામમાં ત્રણ પ્રકારનાં પ્રદર્શનો - જીવન પરિવર્તનનો સંદેશ આપતું પ્રદર્શન - નીલકંઠયાત્રા તેમજ સૌથી વિશેષ તો ભારતમાં પ્રાચીન યુગમાં જે વિદ્યાઓ હતી તે તો અત્યારે વિદેશોમાં પણ ન હોય તેવી વિદ્યાઓ, કળાઓનું સુંદર પ્રદર્શન મોટી વિશેષતા. (વર્ણન કરવું) (૪) ૨૧મી સદીની સાત અજાયબીઓમાં અક્ષરધામને સ્થાન - અન્ય મંદિરો, સ્મારકો કરતાં અક્ષરધામ વિશેષ કારણ કે તેની ભવ્યતા અને સાથે સાથે દિવ્યતા - સુંદર મૂર્તિઓ, શિલ્પકામ - દર્શક બે ઘડી સ્તબ્ધ થઈને જોયા જ કરે - ખસવાનું નામ ન લે તેવી સુંદરતા. (વર્ણન કરવું) (૫) અક્ષરધામ એક જ સ્મારક છતાં તેમાં જુદા જુદા ક્ષેત્રોના મુમુક્ષુઓને તેમાં રસ જાગે - દરેકને ભિન્ન ભિન્ન રીતે તેની વિશેષતા લાગે. શ્રધ્ધાવાન હોય તેને મૂર્તિની સુંદરતાને લીધે ભગવાનમાં શ્રધ્ધા જાગે - ભક્તજનો મંદિરની સ્મારકની મૂર્તિઓનાં દર્શન કરીને પાવન બની જાય - મેનેજમેન્ટવાળાને સ્મારકમાં મેનેજમેન્ટના દર્શન થાય - શિલ્પકારને સુંદર શિલ્પકળાનાં દર્શન થાય. પરધર્મીઓ પણ તેનાં વખાણ કરતાં થાકે નહિ તે જ અક્ષરધામની વિશેષતા. (વર્ણન કરવું) (૬) સૌથી મુખ્ય વિશેષતા તો જીવનપરિવર્તનનો સંદેશ - અનેક દર્શનાર્થીઓએ વ્યસનો મૂક્યાં - સ્વભાવ મૂક્યાં - નાનાં બાળકોએ પણ પ્રેરણા લીધી - (પ્રસંગો લખી શકાય) અત્યાર સુધીમાં કરોડો દર્શનાર્થીઓએ અક્ષરધામનાં દર્શન કર્યા અને જીવનપરિવર્તનનો સંદેશ મેળવ્યો. તે અક્ષરધામની વિશેષતા.

**૩. જીવનમાં સંયમ-નિયમની આવશ્યકતા :** (૧) સંયમ - નિયમનો અર્થ તથા મહિમા. નિયમથી જ વ્યવસ્થા જળવાય, સચવાય, નિયમ વિનાનું જીવન અંધાધૂંધી જેવું - વાડ વિનાના ખેતર જેવું - કોઈપણ ક્ષેત્રમાં ઘડેલા નિયમો તે બંધનરૂપ પણ લાભદાયી છે અને તેથી જ નિયમની આવશ્યકતા. (૨) મનુષ્યોનું જીવન અનેક વિઘ્નોથી ભરપૂર - તેમાં પણ પશ્ચિમનું અનુકરણ તથા પશ્ચિમની રહેણીકરણી - તેના કારણે સંયમ-નિયમ વગરનું જીવન - તેથી અનેક રોગોને આમંત્રણ - વ્યસનો, દૂષણો, બદીઓને કારણે સંસ્કૃતિની ગરિમા ન જળવાય તે માટે ધર્મ-નિયમની આવશ્યકતા. (૩) શાસ્ત્રોમાં કહ્યું છે કે નિયમ-ધર્મને કારણે જ મનુષ્ય પશુથી અલગ છે. અરે, ઘણીવખત તો પશુ પણ સંયમ-નિયમ પાળે છે પણ મનુષ્ય સંયમ રાખી શકતો નથી. (પ્રસંગો) તેથી અધોગતિને પામે છે. દા.ત. પશુ મનુષ્યનું ખાણું ન ખાય પણ મનુષ્ય પશુનું ખાણું ખાય છે. (૪) મનુષ્યોને અધોગતિને માર્ગેથી પાછા વાળવા માટે ભગવાને, સંતોએ, શાસ્ત્રોએ નિયમ આપ્યા છે. સંયમપૂર્વક જીવન પસાર કરવા માટે ઉપદેશ - (ગુરુપરંપરા તથા શ્રીજીમહારાજનાં ઉપદેશ વચન લખી શકાય) (૫) ખાવા-પીવામાં સંયમ-નિયમ જરૂરી - સાથે સાથે વ્યવહારશુદ્ધિ, આચાર શુદ્ધિના નિયમો - સમાજમાં મનુષ્ય વસે છે તેથી સમાજના નિયમો, રાજ્યના, દેશના નક્કી કરેલા નિયમો. આ નિયમોના પાલનથી સમાજમાં વ્યવસ્થા જળવાય - આધ્યાત્મિક ક્ષેત્રના નિયમોથી જીવન સંયમી બને - પ્રામાણિકતા, નીતિ વગેરે સદ્‌ગુણોનો સમાજમાં ફેલાવો થાય. અને એક સુદૃઢ સમાજ બને તેને માટે સંયમ-નિયમની આવશ્યકતા. (નિયમ પાળવાને કારણે સંયમ-નિયમને કારણે જીવનમાં લાભ થયા હોય તેવા પ્રસંગો લખી શકાય.) (૬) આમ, સુસંસ્કૃત, નીતિમાન, પ્રામાણિક સમાજ, રાજ્ય, દેશ માટે સંયમ-નિયમની અતિ આવશ્યકતા.

❑ ❑ ❑